# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્ય સરકારે HTAT મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો જાહેર કર્યા.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દેવભૂમિદ્વારકા ખાતે રાજ્યકક્ષાનો 75મો વન મહોત્સવ ઉજવાશે.
- નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારીની મુખ્ય પરીક્ષા આગામી 28થી 31 ઑગસ્ટ દરમિયાન યોજાશે.
- રાજ્યમાં આજે 87 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો - સૌથી વધુ પોણા સાત ઇંચ વરસાદ દ્વારકા તાલુકામાં વરસ્યો.
- વલસાડના યુવા ખેલાડીએ દુબઇમાં જૂનિયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HTAT NIYAM

રાજ્ય સરકારે હેડ ટીચર એપ્ટિટ્યૂડ ટેસ્ટ – એટલે કે, HTAT મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો જાહેર કર્યા છે. આ નિયમો મુજબ, બાલવાટિકાથી ધોરણ 5માં 150 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યારે એક મુખ્ય શિક્ષક, જ્યારે ધોરણ 6થી 8માં 100 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યારે એક મુખ્ય શિક્ષક મળવાપાત્ર થશે.

જિલ્લા આંતરિક બદલીની માગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળઆમાં ઓછામાં ઓછી ત્રણ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે. જ્યારે જિલ્લા ફેર બદલીની માગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલના જિલ્લામાં ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયેલી હોવી જોઈશે.

દર વર્ષે શિક્ષકોની સાથે મુખ્ય શિક્ષકોનું મહેકમ શિક્ષણ વિભાગ નક્કી કરશે. જેતે શાળામાં મહેકમ જળવાતું ન હોય તેમને પ્રથમ પગારકેન્દ્રની મંજૂરી મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા પર તે પછી તાલુકાની મંજૂર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યાઓ પર અને ત્યારબાદ જિલ્લાની મંજૂર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા પર સમાવવામાં આવશે.

આ ઉપરાતં બઢતી કે સીધી ભરતીથી નિમણૂક પામેલા કોઈ પણ મુખ્ય શિક્ષકની સામે અરસપરસ બદલી કરી શકાશે. તેમ જ આંતરિક કે જિલ્લા ફેર અરસપરસ બદલીમાં મુખ્ય શિક્ષકની મહત્તમ ઉંમર ક્રમશઃ 56 વર્ષ અને 55 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

----------------------

## CM VAN MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આગામી 26 જુલાઈએ દેવભૂમિદ્વારકા જિલ્લાના ગાંધવી ગામમાં રાજ્યકક્ષાના 75મા વન મહોત્સવની ઉજવણી કરાશે. ગામના પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા હરસિદ્ધિ માતા મંદિર ખાતે આ ઉજવણીનું આયોજન કરાયું છે. પર્યાવરણના જતનની નેમ સાથે ગુજરાતમાં 'વન મહોત્સવના' આ વર્ષે ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે અને વન-પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે 23મા સાંસ્કૃતિક વન 'હરસિદ્ધિ વન'નું લોકાર્પણ કરાશે. કોયલા ડુંગરની પાછળ આવેલા આ નવીન 'હરસિદ્ધિ વન' ખાતે વિવિધ પ્રજાતિના અંદાજિત 41 હજાર 619 રોપાઓનું વાવેતર કરાયું છે.

આ સાથે રાજ્યમંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ 33 જિલ્લા કક્ષાએ, આઠ મહાનગરપાલિકાકક્ષાએ, 250 તાલુકાકક્ષાએ તેમ જ 5 હજાર 500 ગ્રામીણકક્ષાએ '75મો વન મહોત્સવ' યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વિવિધ 22 સાંસ્કૃતિક વન નિર્માણ પામ્યા છે.

------------------

## GPSC DATE

ગુજરાત જાહેર સેવા આયોગ – GPSCએ અખબારી યાદીમાં જણાવ્યું કે, નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારીની મુખ્ય પરીક્ષા આગામી 28થી 31 ઑગસ્ટ દરમિયાન યોજાશે.

નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ -3માં મુખ્ય લેખિત પરીક્ષા માટે સફળ થયેલા ઉમેદવારો આગામી 28 ઑગસ્ટે ગુજરાતી ભાષા, 29 ઑગસ્ટે અંગ્રેજી ભાષા, 30 ઑગસ્ટે સામાન્ય અભ્યાસ એક અને 31 ઑગસ્ટે સામાન્ય અભ્યાસ 2 પ્રશ્નપત્રની લેખિત પરીક્ષા આપી શકશે. આ તમામ પરીક્ષાનો સમયગાળો બપોરે 3થી સાંજે 6 વાગ્યા સુધીનો રહેશે.

-----------------

## RAIN - DISTRICT

દેવભૂમિદ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા વહીવટી તંત્રએ રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ એટલે કે, NDRFની 2 ટીમ તહેનાત કરવામાં આવી છે. જિલ્લામાં છેલ્લા 2 દિવસમાં 20 ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે, જેના કારણે રાવલ ગામ ટાપુમાં ફેરવાઈ ગયો હતો. NDRFની બીજી ટુકડી ખંભાળિયા ખાતે ખડેપગે રાખવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપતા NDRF ટીમના વડા બિપીનકુમારે આ મુજબ જણાવ્યું...

**(બાઈટ - બિપીન કુમાર, હેડ, ndrf ટીમ, દ્વારકા )**

ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ સવારે 6 થી સાંજના 6 વાગ્યા દરમિયાન 87 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ પોણા સાત ઇંચ વરસાદ દેવભૂમિ દ્વારકાના દ્વારકા તાલુકામાં નોંધાયો. જ્યારે જૂનાગઢ તાલુકા અને શહેરમાં સવા પાંચ ઇંચ, ગીરસોમનાથના વેરાવળ તાલુકામાં

સાડા ચાર ઇંચ અને તાલાલામાં  ચાર ઇંચ વરસાદ વરસ્યો.  આ સિવાયના તાલુકામાં ચાર ઇંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

હાલમાં નર્મદા, કચ્છ, વલસાડ, દેવભૂમિદ્વારકા, જુનાગઢ, ભાવનગર, અમરેલી, સુરત અને ગીરસોમનાથ એમ 10 જિલ્લામાં NDRFની 10 ટુકડી તહેનાત કરવામાં આવી છે.

રાજ્યમાં ભારે વરસાદના કારણે કેટલાક જળાશયો અલર્ટ મોડ પર છે. ગીરસોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, તાલાલા તાલુકાના હિરણ-2 જળાશયમાં ઉપરવાસમાં ભારે વરસાદના કારણે પાણીની આવક વધતાં ડેમ 76 ટકા જેટલો ભરાયો  છે.

વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, આજે ઉમરગામ અને વલસાડ તાલુકામાં એક—એક ઈંચ  વરસાદ નોંધાયો હતો.

જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, જામનગર નજીક દરેડમાં આવેલું સુપ્રસિદ્ધિ ખોડીયાર મંદિર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે તાલાળા તાલુકાના હિરણ-૨ જળાશયમાં ઉપરવાસમાં ભારે વરસાદના કારણે પાણીની આવક વધતાં ડેમ ૭૬ ટકા જેટલો ભરાયો  છે, તેમજ ૪ હજાર ૮૮૦ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે.

હવામાન વિભાગે આવતીકાલે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડ, દમણ, અને દાદરાનગર હવેલી ખાતે, 22મીએ અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, ડાંગ, વલસાડ, અને દાદરાનગર હવેલી, 23મીએ દીવ, દમણ,

તેમજ દાદરાનગર હવેલી,  અને 24મી એ બનાસકાંઠા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર સહિતના જિલ્લાઓમાં અતિભારે વરસાદ વરસી શકે છે.

------------------

## VALSAD KHELADI GOLD MEDAL

વલસાડ જિલ્લાના 19 વર્ષીય રણવીર અજય સિંઘે જૂનિયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીતી સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે. દુબઈ ખાતે યોજાયેલી આ સ્પર્ધા દરમિયાન ગુજરાતે એશિયન જૂનિયર ગેમ્સની 3 હજાર મીટર સ્ટીપલ ચેઝમાં પહેલી વાર સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

વલસાડના ખેલાડી રણવીર સિંઘે ગેમ્સમાં એશિયન દેશના 23 જેટલા સ્પર્ધકોને મ્હાત આપી આ સિદ્ધિ હાંસલ કરી છે. હવે તેઓ આગામી ઑગસ્ટ મહિનામાં પેરૂ ખાતે યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા તૈયારી કરી રહ્યા છે.

------------------

## STATE CHANDIPURA VIRUS

મહીસાગર જિલ્લામાં ચાંદીપુરાના અત્યાર સુધીમાં 2 શંકાસ્પદ કેસ મળ્યા છે. જિલ્લા આરોગ્ય અધિકારી સી. આર. પટેલે જણાવ્યું કે, આરોગ્ય કર્મચારીઓ ઘેરઘેર જઈને મુલાકાત કરી રહ્યા છે. જિલ્લામાં હાલમાં 227 ટુકડી કામ કરી રહી

છે. તેમ જ જિલ્લાના લોકો માટે **99257 85955** હેલ્પલાઈન નંબર જાહેર કરાયો છે. આ નંબર પર કોઈ સંદેશ કે ફોન આવે તો તાત્કાલિક મદદ પહોંચાડવામાં આવે છે. આ અંગે માહિતી આપતા જિલ્લાના અમારા પ્રતિનિધિએ આ મુજબ જણાવ્યું...

**(બાઈટ – કૌશિક જોષી, પ્રતિનિધિ, મહીસાગર)**

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, જિલ્લામાં ચાંદીપુરાના 2 કેસ નોંધાયા હતા, જેમાંથી એક બાળકનું મૃત્યુ નીપજ્યું છે. શંકાસ્પદ ચાંદીપુરાનો નવો કેસ જોતાણા તાલુકાના હરસુડલ ગામમાં નોંધાયો છે. અહીં 12 વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને અમદાવાદની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, જિલ્લા આરોગ્ય વિભાગે તકેદારીના ભાગરૂપે તાવનો સરવે હાથ ધર્યો છે. ભુજ અને ગાંધીધામમાં બાળરોગ તબીબો સાથે બેઠક યોજાઈ હતી.

------------------

# DAMAN SAMPOORNATA ABHIYAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના વરકુંડ પંચાયત ખાતે “સંપૂર્ણતા અભિયાન” અંતર્ગત ગ્રામસભા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં આરોગ્ય, પોષણ, કૃષિ, સામાજિક વિકાસ અને શિક્ષણ જેવા વિષય અંગે વરકુંડ ગામના લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. પ્રદેશના અધિકારીઓએ લોકોને જન કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા.

------------------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- મહેસાણામાં વડનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત 40 કિશોરીઓને મુલાકાતે લઈ જવામાં આવી.
- મોરબી ખાતે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની આગામી ચૂંટણી માટે પ્રદેશ સંચાલન સમિતિની રચના કરી છે જેમાં પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા સહિતના આગેવાનોની નિમણૂક કરવામાં આવી.
- ભાવનગરમાં પરવાના વગરની સાબુ બનાવતી ફેક્ટરી પકડાઇ. આશરે 60 હજાર રૂપિયાનો કોસ્મેટિકનો જથ્થો જપ્ત કરાયો.
- દાહોદમાં કલેક્ટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં યોજાયેલી જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠકમાં વીજળી, પાણી, સિંચાઈ, સહિત વરસાદી પાણીના નિકાલ અંગેના પ્રશ્નો રજૂ કરાયા.
- ઝવેરચંદ મેઘાણી મીની ઓડિટોરિયમ હૉલ ખાતે સ્વર્ગીય જયંત પાઠકની પુણ્યસ્મૃતિ નિમિત્તે 'સેતુ' નામે સ્મૃતિવંદના કાર્યક્રમ યોજાઇ ગયો.

--------